ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
SHREE SADGURU COMPLEX, 2ND FLOOR, NR. AKSHAR MANDIR, OPP. TIRUPATI PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT-360001
**Visit us** : www.iceonline.in,
**Facebook** : www.facebook.com/icerajkot
**Telegram** : t.me/icerajkotofficial
**CALL : 9375701110 / 9328001110**

બેઠક નંબર | | | | | | | | | |    સમય : 60 મિનિટ * કુલ પ્રશ્નો : 100 * કુલ ગુણ : 100

# DAILY TEST PAPER

**DATE : 09-05-19**

# PAPER - 22
# બિનસચિવાલય

1. પાણીની અંદર અવાજના વેગનું માપન કયા સાધન દ્વારા કરવામાં આવે છે ?
   (A) વેવમીટર (B) હાઈગ્રોમીટર
   (C) વિસ્કોમીટર (D) ટેલેક્સ
2. 'પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે.' તેવું પ્રતિપાદન કયા વૈજ્ઞાનિકે કર્યું હતું ?
   (A) ગેલેલિયો (B) આર્કિમિડિઝ
   (C) કોપરનિક્સ (D) આલ્બર્ટ આઈનસ્ટાઈન
3. ટેલિફોન, લાઈટની સ્વીચ, ઈલેક્ટ્રીક સાધનો બનાવવામાં કયા પ્રકારના પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે ?
   (A) થર્મોપ્લાસ્ટિક (B) બેકેલાઈટ
   (C) મેલેમાઈન (D) ટેરેલિન
4. ઈન્સ્ટિટયૂટ ઓફ પ્લાઝમા રિસર્ચ કયાં આવેલું છે ?
   (A) અમદાવાદ (B) ગાંધીનગર
   (C) વડોદરા (D) મહેસાણા
5. રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ કયારે ઉજવવામાં આવે છે ?
   (A) 11 મે (B) 11 જૂન
   (C) 10 મે (D) 10 જૂન
6. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર કેટલા ભાગના મત ન મેળવી શકે તો તેની ડિપોઝીટ જપ્ત થાય છે ?
   (A) 1/5 (B) 1/6
   (C) 1/3 (D) 1/4
7. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ એમ બંને હોદ્દા ખાલી હોય ત્યારે રાષ્ટ્રપતિ તરીકેની ફરજ કોણ બજાવશે ?
   (A) વડાપ્રધાન
   (B) લોકસભાના અધ્યક્ષ
   (C) સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
   (D) કોઈપણ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
8. કોઈ વ્યક્તિએ પ્રધાનમંત્રી તરીકે નિમણૂક મેળવ્યા બાદ કેટલા સમયમાં વિશ્વાસનો મત હાંસલ કરવાનો હોય છે ?
   (A) બે મહિનામાં (B) 21 દિવસમાં
   (C) એક મહિનામાં (D) 14 દિવસમાં
9. કેન્દ્રીય મંત્રી પરિષદ એ __________.
   (A) મુખ્ય નીતિ નિર્માણ કરનારી સંસ્થા છે.
   (B) વિદેશી નીતિઓનું ઘડતર અને વિદેશી બાબતોની દેખરેખ
   (C) રાષ્ટ્રપતિની સલાહકારી સંસ્થા જેની સલાહ માનવા રાષ્ટ્રપતિ બંધાયેલા છે.
   (D) ઉપરોક્ત તમામ
10. એટર્ની જનરલની નિમણૂક કોણ કરે છે ?
   (A) વડાપ્રધાન (B) સંસદ
   (C) સુપ્રિમકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ (D) રાષ્ટ્રપતિ
11. ભારતના બંધારણ અનુસાર કોઈપણ રાજ્યના વિધાનસભાની મહત્તમ સભ્ય સંખ્યા કેટલી હોવી જોઈએ ?
   (A) 545 (B) 500
   (C) 540 (D) 600
12. રાજ્યની સંચિત નિધિમાંથી નાણા મેળવવા માટે સરકારે કોની મંજૂરી લેવી પડે છે ?
   (A) રાજ્યપાલ (B) વિધાનમંડળ
   (C) રાષ્ટ્રપતિ (D) મુખ્યમંત્રી
13. પક્ષાંતર ધારા હેઠળ વિધાનસભાના કોઈ સભ્ય ગેરલાયક બનેલ છે કે કેમ તે નક્કી કરવાની સત્તા __________ પાસે છે.
   (A) રાજ્યપાલ (B) વડાપ્રધાન
   (C) વિધાનસભાના અધ્યક્ષ (D) વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ
14. ગુજરાતની પ્રથમ વિધાનસભાની ચૂંટણી કયારે યોજવામાં આવી હતી?
   (A) 1962 (B) 1960
   (C) 1961 (D) 1963
15. રાજ્યની વિધાન પરિષદમાં રાજ્યપાલ દ્વારા કેટલા સભ્યોની નિમણૂક કલા, વિજ્ઞાન, સાહિત્ય, સમાજ સેવા જેવા ક્ષેત્રોમાંથી કરવામાં આવે છે ?
   (A) 1/3 (B) 1/6
   (C) 1/12 (D) 1/4
16. ટામેટામાં કયો એસિડ રહેલો હોય છે ?
   (A) એસિટિક એસિડ (B) ટાર્ટરિક એસિડ
   (C) સાઈટ્રિક એસિડ (D) ઓક્ઝેલિક એસિડ
17. માનવ શરીરમાં કુલ કેટલા હાડકાં હોય છે ?
   (A) 210 (B) 208
   (C) 206 (D) 211
18. 'પ્રોટીનની ફેક્ટરી' તરીકે કઈ કોષ અંગિકા ઓળખાય છે ?
   (A) રીબોઝોમ (B) કણાભસૂત્ર
   (C) લાયસોઝોમ (D) સેલ્યુલોઝ
19. કયું બ્લડગ્રુપ સર્વદાતા તરીકે ઓળખાય છે ?
   (A) O (B) AB
   (C) A (D) B
20. જો મેકનંબર 5 કરતાં વધુ હોય તો પદાર્થના વેગને શું કહે છે ?
   (A) સબસોનિક (B) સુપરસોનિક
   (C) હાઈપરસોનિક (D) માઈક્રોસોનિક
21. અલંકાર ઓળખાવો :–
   'હાંફી ગયેલા શ્વાસના પગને તપાસીએ.'
   (A) રૂપક (B) સજીવારોપણ
   (C) ઉપમા (D) અનન્વય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

22. સંધિ છોડો :– પ્રાંજલિ
(A) પ્રા + અંજલિ (B) પ્રાન્ + જલિ
(C) પ્ર + અંજલિ (D) પ્ર + અંજલી

23. 'મહાદેવ' કયો સમાસ છે ?
(A) તત્પુરુષ (B) બહુવ્રીહિ
(C) ઉપપદ (D) કર્મધારય

24. રોહન શિક્ષકને પ્રશ્ન પૂછે છે :– કર્મણિ વાક્યમાં રૂપાંતર કરો.
(A) રોહન વડે શિક્ષકને પ્રશ્ન પૂછાય છે.
(B) રોહન શિક્ષકને પ્રશ્ન પૂછાવે છે.
(C) શિક્ષક રોહનને પ્રશ્નો પૂછે છે.
(D) રોહન શિક્ષકને પ્રશ્ન પૂછશે.

25. સંધિ જોડો :– વિ + અંગ + ઉક્તિ
(A) વ્યંગયોક્તિ (B) વ્યંગ્યોક્તિ
(C) વ્યંગોક્તિ (D) વ્યંગ્યઉક્તિ

26. છંદ ઓળખાવો :– 'બેસી ખાટે, ફરી વળે બધે, મેડીઓ ઓરડામાં'
(A) શિખરિણી (B) મંદાક્રાન્તા
(C) પૃથ્વી (D) હરિણી

27. રૂઢિપ્રયોગનો સાચો અર્થ વિકલ્પોમાંથી પસંદ કરો :–
બગલો ઊંચી કરવી
(A) દેવાળું કાઢવું (B) અભિમાન કરવું
(C) મહામુશ્કેલી પડવી (D) આબરૂનો નાશ કરવો

28. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :– આકાશમાં ફરનાર
(A) ભૂચર (B) ખેચર
(C) જળચર (D) ગગનચર

29. તળપદા શબ્દનું શિષ્ટરૂપ આપો :– 'પિયારું'
(A) પારકું (B) પુણ્ય
(C) પાછળ (D) મનપસંદ

30. સમાનાર્થી શબ્દ ઓળખાવો :– 'મધુકર'
(A) ભયંકર (B) પરિધાન
(C) ભમરો (D) સાપ

31. સાચી જોડણી પસંદ કરો.
(A) અપકિર્તી (B) કીરિટ
(C) ટિકડી (D) કામિની

32. વિભક્તિ ઓળખાવો :– તે ગામથી સાત વાગ્યે નીકળ્યો.
(A) પાંચમી વિભક્તિ (B) છઠ્ઠી વિભક્તિ
(C) સાતમી વિભક્તિ (D) આઠમી વિભક્તિ

33. નીચેના વાક્યમાં નિપાત ઓળખાવો :– ફક્ત હું હાજર રહ્યો હતો.
(A) હાજર (B) ફક્ત
(C) હું (D) હતો

34. ગુજરાત નાગરિક જાહેર સેવા અધિકારી ધારા હેઠળ સૌપ્રથમ ફરિયાદ કોને કરવાની છે ?
(A) સ્ટેટ એપેલેટ ઓથોરિટી (B) ડેઝિગ્નેટેડ ઓથોરિટી
(C) ફરિયાદ નિવારણ અધિકારી (D) કલેક્ટર

35. ગુજરાત સરકારે નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે કયો પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે ?
(A) ઈ–ગ્રામ (B) નિર્મલ–ગ્રામ
(C) સ્વાગત (D) કલ્યાણ–ગ્રામ

36. વ્યક્તિની કાયદાકીય રીતે ધરપકડ કરવામાં આવેલ હોય તો તેને કેટલા સમયમાં મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થવાનો અધિકાર છે ?
(A) 12 કલાક (B) 24 કલાક
(C) 18 કલાક (D) 48 કલાક

37. કઈ રીટ અંતર્ગત ન્યાયાલય જાહેર સાહસોમાં કોઈપણ પદ ઉપર કામ કરતી વ્યક્તિને તેના પદ ઉપરના દાવાની ચકાસણી કે પુછપરછ કરવાની સત્તા ધરાવે છે ?
(A) ઉત્પ્રેષણ (B) પ્રતિષેધ
(C) પરમાદેશ (D) અધિકાર પૃચ્છા

38. સામાજિક અન્વેષણ શાને માટે હાથ ધરાય છે ?
(A) સરકારી યોજનાઓ માટે (B) ખાનગી વેપાર–ધંધા માટે
(C) ખાનગી કંપનીઓ માટે (D) સરકારી કંપનીઓ માટે

39. રાજ્ય માહિતી પંચનો અહેવાલ કોની સમક્ષ રજૂ થાય છે ?
(A) રાજ્યપાલ (B) મુખ્યપ્રધાન
(C) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ (D) વિધાનસભા

40. કોને માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી આપવામાંથી મુક્તિ આપવામાં આવી છે ?
(A) CRPF (B) NSG
(C) BSF (D) ઉપરોક્ત તમામ

41. નાગરિકો માટે સમાન દિવાની કાયદાની જોગવાઈ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ – 42 (B) અનુચ્છેદ – 44
(C) અનુચ્છેદ – 46 (D) અનુચ્છેદ – 48

42. ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની જોગવાઈ કઈ મૂળભૂત ફરજ હેઠળ બંધારણમાં રહેલી છે ?
(A) અનુચ્છેદ – 51(A)(B) (B) અનુચ્છેદ – 51(A)(C)
(C) અનુચ્છેદ – 51(A)(D) (D) અનુચ્છેદ – 51(A)(E)

43. રાજ્યોમાં વિધાનપરિષદની રચના અથવા નાબૂદી માટે સંસદમાં કયા પ્રકારની બહુમતીથી ખરડો પસાર થવો જોઈએ ?
(A) વાસ્તવિક બહુમતી (B) વિશિષ્ટ બહુમતી
(C) પૂર્ણ બહુમતી (D) સાદી બહુમતી

44. રાજ્યસભાની મહત્તમ સભ્ય સંખ્યા કેટલી છે ?
(A) 245 (B) 250
(C) 255 (D) 252

45. બંધારણના અનુચ્છેદ __________ મુજબ રાજ્યની વિધાનસભાના સભ્યોને વિશેષાધિકાર આપવામાં આવ્યો છે.
(A) અનુચ્છેદ – 192 (B) અનુચ્છેદ – 193
(C) અનુચ્છેદ – 194 (D) અનુચ્છેદ – 195

46. રાજ્યસભાના પ્રથમ ઉપસભાપતિ કોણ હતા ?
(A) શ્યામલ યાદવ (B) નઝમા હેપતુલ્લાહ
(C) એસ.વી. કૃષ્ણામૂર્તિ રાવ (D) એમ.એમ. જેકોબ

47. નાણાકીય ખરડા અંગે ખોટું વિધાન પસંદ કરો.
(A) બંધારણમાં અનુચ્છેદ–110 હેઠળ નાણાં ખરડાની જોગવાઈ કરવામાં આવી છે.
(B) આ ખરડાને લોકસભાના સ્પીકરની પૂર્વ પરવાનગી જરૂરી છે.
(C) આ ખરડાને માત્ર લોકસભામાં જ રજૂ કરી શકાય.
(D) રાષ્ટ્રપતિ આ ખરડાને પુનઃવિચારણા માટે ન મોકલી શકે.

48. નીચે પૈકી કોણ રાજ્ય પુનઃરચના પંચના સભ્ય ન હતા ?
(A) ફઝલ અલી (B) કે.એમ. પાણીકર
(C) એચ.એન. કુંજરૂ (D) ટી.ટી. કૃષ્ણમચારી

49. Select a proper one word substitute for below phrase :- "Lack of blood"
(A) Insomnia (B) Anaemia
(C) Psychosis (D) Occulist

50. Choose a past participle :- Lie
(A) Lay (B) Ley
(C) Lied (D) Lain

51. Choose a suitable synonym for :- 'Indolent'
(A) Industrious (B) Arrogant
(C) Idle (D) Exalted

52. Choose a verb form of :- Lost
(A) Loste (B) Loose
(C) Loss (D) Lose

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


વર્તમાન પ્રવાહો માટે દર સોમવારે પ્રસિદ્ધ થતું ફ્રી ઓનલાઈન મેગેઝિન ICE MAGIC

53. Don't pick flowers :- Turn into passive voice
(A) You were forbidden to pick flowers.
(B) You are allowed to pick flowers.
(C) You are forbidden to not to pick flowers.
(D) You are forbidden to pick flowers.

54. They __________ if he is found guilty. (Punish)
(A) are punish (B) will punish
(C) will punished (D) will be punished

55. The boy got his mother __________ a new dress for her. (buy)
(A) buy (B) to buy
(C) for buy (D) bought

56. __________ you mind my reading loudly ?
(A) Could (B) Should
(C) Would (D) Might

57. __________ year go I visited __________ island.
(A) The, an (B) A, the
(C) A, an (D) An, the

58. MS Excelમાં નવી વર્કશીટ ઉમેરવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ થાય છે ?
(A) Alt + F1 (B) Alt + Shift + F1
(C) Alt + Shift + F2 (D) Shift + F1

59. MS Excelમાં ફાઈલને સેવ કરવા કઈ ફંકશન કીનો ઉપયોગ થાય છે?
(A) F12 (B) F11
(C) F10 (D) F8

60. કમ્પ્યૂટરમાં MIMEનું પૂરું નામ જણાવો.
(A) Multi Internet Mail Extension.
(B) Multipurpose Internet Mail Extension.
(C) Multipurpose Internal Mail Extension.
(D) Multipurpose Intranet Mail Extension.

61. CD/DVDમાં ડેટા કયા સ્વરૂપે સંગ્રહિત થાય છે ?
(A) Analog (B) Digital
(C) A અને B બંને (D) A અને B પૈકી એકપણ નહીં

62. Emailમાં CCનો અર્થ શું થાય છે ?
(A) Cut Copy (B) Copy Case
(C) Carbon Copy (D) Copy Carbon

63. નીચેનામાંથી કયું બીજા કરતા જૂદું પડે છે ?
(A) ગુગલ (B) વિન્ડોઝ
(C) લીનક્સ (D) મેક

64. કોઈપણ કમ્પ્યૂટર એપ્લિકેશનમાં ડેટા જે કટ કરીએ તે કઈ જગ્યાએ સ્ટોર થાય છે ?
(A) વર્ડ બોર્ડ (B) ક્લીપ આર્ટ
(C) ઓટો ફીલ (D) ક્લીપ બોર્ડ

65. WWW (World Wide Web)ને લોકપ્રિય બનાવનાર પ્રથમ ગ્રાફિકલ બ્રાઉઝર કયું હતું ?
(A) ફાયરફોક્સ (B) બેઝીક
(C) એમ.એસ. ડોટ (D) મોઝેઈક

66. વાઈરસ એ કઈ ભાષાનો શબ્દ છે ?
(A) ગ્રીક (B) અંગ્રેજી
(C) હિબ્રુ (D) લેટિન

67. એક બાઈટ એટલે.....
(A) 4 Bits (B) 16 Bits
(C) 1 Word (D) 8 Bits

68. માઉસ કયા પ્રકારનું ડિવાઈસ છે ?
(A) ગેમ રમવા માટેનું (B) ઈનપુટ
(C) સ્ક્રોલ (D) આઉટપુટ

69. ઈન્ટરનેટ પર થતી ખરીદ વેચાણની બાબતને નીચેનામાંથી શું કહેવામાં આવે છે ?
(A) ઈ–સર્વર (B) ઈ–બિઝનેસ
(C) ઈ–કોમર્સ (D) ઈ–ટ્રેડ

70. તાજેતરમાં ભારતની કયા દેશ સાથે મૈનામતી મૈત્રી સૈન્ય કવાયત યોજાઈ હતી ?
(A) ઈરાન (B) ભૂટાન
(C) અફઘાનિસ્તાન (D) બાંગ્લાદેશ

71. ભારતમાં એડવાન્સ્ડ મિસાઈલ ટેક્નોલોજી અને સ્માર્ટ ગાઈડેડ વેપન્સ ટેક્નોલોજીના સ્થપતિ તરીકે કોણ ઓળખાય છે ?
(A) નંદિની હરિનાથ (B) જી. સતીષ રેડ્ડી
(C) એ.એસ. કિરણકુમાર (D) કે. રાધાક્રિષ્નન

72. ભારતના કયા શહેરમાં ભારતનું પ્રથમ ઓઈલ મ્યુઝિયમ બનાવવામાં આવશે ?
(A) દિગ્બોઈ, આસામ (B) ઈટાનગર, અરૂણાચલપ્રદેશ
(C) ઈમ્ફાલ, મણિપુર (D) ગુવાહાટી, આસામ

73. 'વિશ્વ વન્યજીવ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 3 માર્ચ (B) 4 માર્ચ
(C) 4 એપ્રિલ (D) 4 ફેબ્રુઆરી

74. તાજેતરમાં ભારતના કયા શહેરમાં Inter - Model Station(IMS)નો શિલાન્યાસ કર્યો છે ?
(A) વારાણસી (B) લખનૌ
(C) પૂણે (D) નાગપુર

75. ભારતનો સર્વોચ્ચ મહિલા પુરસ્કાર 'નારી શક્તિ એવોર્ડ' અગાઉ કયા નામે ઓળખાતો હતો ?
(A) શ્રી શક્તિ પુરસ્કાર (B) મહિલા શક્તિ પુરસ્કાર
(C) સ્ત્રી શક્તિ પુરસ્કાર (D) માતૃ શક્તિ પુરસ્કાર

76. ભારતના નવા નાણાં સચિવ તરીકે માર્ચ 2019 દરમિયાન કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી અજય નારાયણ ઝા (B) શ્રી જયંત કુલકર્ણી
(C) શ્રી શૈલેષ ત્રિપાઠી (D) શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ

77. ભારતમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો પ્રારંભ ક્યારથી થયો હતો?
(A) 1 જાન્યુઆરી, 2016 (B) 1 માર્ચ, 2016
(C) 1 મે, 2016 (D) 1 જૂન, 2016

78. તાજેતરમાં માર્ચ, 2019 દરમિયાન કયા દેશનું વિમાન ક્રેશ થતાં 157 લોકોના મોત થયા છે ?
(A) ઈન્ડોનેશિયા (B) ઈથોપિયા
(C) ઈક્વાડોર (D) કેન્યા

79. તાજેતરમાં ભારતે રશિયા પાસેથી કઈ સબમરીન 10 વર્ષ માટે લીઝ પર લેવા કરાર કર્યા છે ?
(A) ચાર્લી III (B) ઓક્સાર III
(C) ચક્ર III (D) ડેલ્ટા III

80. એક હરોળમાં રાજેશનું સ્થાન પાછળથી 15મું છે, તો આગળથી કેટલામું હશે ?
(A) 12મું (B) 13મું
(C) 14મું (D) જાણી શકાય નહિ

81. એક વ્યક્તિ દક્ષિણ તરફ 6 કિલોમીટર ચાલે છે. ત્યાંથી ડાબી બાજુ ફરીને 4 કિલોમીટર ચાલે છે. ત્યાંથી ડાબી બાજુ ફરી 5 કિલોમીટર ચાલે છે, તો તેનુ મોં કઈ દિશામાં છે ?
(A) દક્ષિણ (B) ઉત્તર
(C) પૂર્વ (D) પશ્ચિમ

82. એક વર્ગમાં લીધેલ પરીક્ષામાં છોકરીઓના ગુણની સરેરાશ 73 અને છોકરાઓની સરેરાશ 71 છે. તથા આખા વર્ગની સરેરાશ 71.8 થાય છે, તો છોકરીઓની ટકાવારી કેટલી થાય ?
(A) 40% (B) 50%
(C) 55% (D) 60%

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

83. નીચે આપેલી સંખ્યાઓની સરાસરી શોધો.
304, 208, 162, 110, 154, 316, 242, 216
(A) 214 (B) 222
(C) 232 (D) 206

84. બે ઉમેદવારો મતદાનમાં સામ–સામે ઊભા રહ્યા. તેમાંથી એકને 60% મત મળ્યા અને તે 1600 મતથી જીતી ગયો, તો કુલ કેટલા મત પડ્યા હોય ?
(A) 7500 (B) 9000
(C) 8000 (D) 10000

85. રૂ. 32,500નું 5% લેખે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલા રૂપિયા થાય ?
(A) 3332.78 (B) 3335.35
(C) 3333.27 (D) 3331.25

86. ઔરંગઝેબનો જન્મ ગુજરાતમાં કયા સ્થળે થયો હતો ?
(A) અમદાવાદ (B) ફતેહપુરા
(C) દાહોદ (D) ગોધરા

87. ઈ.સ. 1948 'સૌરાષ્ટ્ર' રાજ્યની રચના થતા તેના રાજપ્રમુખ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી હતી ?
(A) જામસાહેબ દિગ્વિજયસિંહ (B) રતુભાઈ અદાણી
(C) રસિકલાલ પરીખ (D) બળવંતરાય મહેતા

88. ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ કોણે આપ્યું ?
(A) ધૂમકેતુ (B) ગાંધીજી
(C) પન્નાલાલ પટેલ (D) કનૈયાલાલ મુનશી

89. સિદ્ધપુરમાં રુદ્ર મહાલયનું નિર્માણ કોણે કરાવેલું ?
(A) મૂળરાજ પહેલો (B) મૂળરાજ બીજો
(C) દુર્લભરાજ (D) ભીમદેવ પહેલો

90. નીચેનામાંથી કયા એક સ્થળને 'મહાસર' પણ કહે છે ?
(A) મલાવ તળાવ (B) સહસ્ત્રલિંગ તળાવ
(C) રુદ્રમહાલય (D) રાણકીવાવ

91. કયા બાદશાહને પનાહ(રક્ષણ) આપવા માટે ઈ.સ. 1591માં ભૂચર મોરીનું યુદ્ધ થયું હતું ?
(A) મુઝફ્ફરશાહ (B) સિકંદરશાહ
(C) મહમૂદશાહ ત્રીજો (D) બહાદુરશાહ

92. કયા એકમાત્ર સત્યાગ્રહમાં ગાંધીજીએ પોતાની હાર કબૂલ કરી અને સ્થાનિક પ્રશ્ન નિરાકરણ વિના પડી રહ્યો ?
(A) સરધાર સત્યાગ્રહ (B) ધોળ સત્યાગ્રહ
(C) રાજકોટ સત્યાગ્રહ (D) ખાખરેચી સત્યાગ્રહ

93. પ્રથમ બોલતી ગુજરાતી ફિલ્મ કઈ હતી ?
(A) નરસિંહ મહેતા (B) શેઠ સગાળશા
(C) કંકુ (D) અખંડ સૌભાગ્યવતી

94. 'નસવાડી' તાલુકો ગુજરાતના કયા જિલ્લામાં આવેલ છે ?
(A) દાહોદ (B) નવસારી
(C) તાપી (D) છોટાઉદેપુર

95. ચોસઠ જોગણીનું મંદિર પાલોદર કયાં આવેલ છે ?
(A) પાટણ (B) મહેસાણા
(C) કચ્છ (D) બનાસકાંઠા

96. 'હેલિકલ વાવ' કયાં આવેલ છે ?
(A) વઢવાણ (B) વડનગર
(C) પાવાગઢ (D) ખંભાત

97. નેચરલ હિસ્ટ્રી સંગ્રહાલય કયાં આવેલું છે ?
(A) ગાંધીનગર (B) ભાવનગર
(C) વડોદરા (D) અમદાવાદ

98. પુસ્તકોની નગરી તરીકે કયું સ્થળ ઓળખાય છે ?
(A) નડિયાદ (B) નવસારી
(C) વિદ્યાનગર (D) બારડોલી

99. ચિત્રવિચિત્રનો આદિવાસીઓનો મેળો કયા સ્થળે ભરાય છે ?
(A) ખેડબ્રહ્મા (B) માધપુર
(C) સંતરામપુર (D) સંજેલી

100. લોકસેવાના પ્રરિવાજક, મૂકસેવક, કળિયુગના ઋષિ તરીકે કોણ ઓળખાય છે ?
(A) રણજિતભાઈ મહેતા (B) ઈન્દુલાલ યાજ્ઞિક
(C) શ્રીમદ્ રાજચંદ્ર (D) રવિશંકર મહારાજ









**ખાસ નોંધ :- બિનસચિવાલય પેપર - 22ની Answer Key આવતીકાલે એટલે કે 10/05/2019ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
SHREE SADGURU COMPLEX, 2ND FLOOR, NR. AKSHAR MANDIR, OPP. TIRUPATI PETROL PUMP, KALAWAD ROAD, RAJKOT-360001
CALL : 9375701110 / 9328001110

Name : ______________________ Sub : ____________ **Marks : 100**

Students Seat No. : ☐☐☐☐☐☐☐☐☐

## OMR SHEET BINSACHIVALAY PAPER - 22

**Date : 09-05-2019**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 26 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 51 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 76 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 2 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 27 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 52 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 77 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 3 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 28 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 53 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 78 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 4 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 29 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 54 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 79 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 5 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 30 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 55 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 80 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 6 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 31 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 56 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 81 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 7 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 32 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 57 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 82 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 8 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 33 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 58 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 83 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 9 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 34 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 59 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 84 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 10 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 35 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 60 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 85 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 11 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 36 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 61 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 86 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 12 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 37 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 62 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 87 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 13 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 38 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 63 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 88 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 14 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 39 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 64 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 89 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 15 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 40 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 65 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 90 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 16 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 41 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 66 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 91 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 17 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 42 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 67 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 92 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 18 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 43 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 68 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 93 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 19 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 44 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 69 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 94 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 20 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 45 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 70 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 95 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 21 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 46 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 71 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 96 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 22 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 47 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 72 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 97 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 23 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 48 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 73 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 98 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 24 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 49 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 74 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 99 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |
| 25 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 50 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 75 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ | 100 | Ⓐ Ⓑ Ⓒ Ⓓ Ⓔ |

**ગઈકાલના પેપરની Answer Key**

## તલાટી પેપર - 21

**Date : 08-05-2019**
**Day : Wednesday**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. (C) | 11.(A) | 21.(C) | 31.(A) | 41.(A) | 51.(B) | 61.(C) | 71. (D) | 81.(C) | 91.(A) |
| 2. (D) | 12.(A) | 22.(C) | 32.(C) | 42.(D) | 52.(A) | 62.(D) | 72. (C) | 82.(B) | 92.(C) |
| 3. (D) | 13.(A) | 23.(C) | 33.(A) | 43.(B) | 53.(A) | 63.(D) | 73. (D) | 83.(B) | 93.(C) |
| 4. (C) | 14.(B) | 24.(C) | 34.(B) | 44.(D) | 54.(B) | 64.(C) | 74. (C) | 84.(A) | 94.(B) |
| 5. (B) | 15.(B) | 25.(B) | 35.(D) | 45.(C) | 55.(D) | 65.(D) | 75. (B) | 85.(D) | 95.(D) |
| 6. (C) | 16.(B) | 26.(C) | 36.(B) | 46.(C) | 56.(A) | 66.(B) | 76. (A) | 86.(A) | 96.(A) |
| 7. (D) | 17.(C) | 27.(B) | 37.(A) | 47.(A) | 57.(B) | 67.(A) | 77. (D) | 87.(B) | 97.(C) |
| 8. (C) | 18.(A) | 28.(D) | 38.(B) | 48.(C) | 58.(D) | 68.(B) | 78. (C) | 88.(C) | 98.(B) |
| 9. (B) | 19.(A) | 29.(C) | 39.(D) | 49.(C) | 59.(C) | 69.(D) | 79. (D) | 89.(B) | 99.(D) |
| 10.(C) | 20.(C) | 30.(B) | 40.(C) | 50.(C) | 60.(A) | 70.(D) | 80. (D) | 90.(C) | 100.(D) |